કવિ સંમેલનમાં દેશના પ્રતિષ્ઠિત કવિઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં કવિ સંમેલનનું ભવ્ય અને સફળ આયોજન

યુવા પેઢીમાં સાહિત્ય, કાવ્ય અને રાષ્ટ્રભાવનાનું સંસ્કાર સિંચન થાય તેવા કાર્યક્રમો આજના સમયમાં અત્યંત આવશ્યક : કેતુલ મહેરિયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા ફેકલ્ટી ઈન્ટરનલ ક્વોલિટી અશ્યોરન્સ સેલ તથા ડિસ્ટ્રિક્ટ યુથ એન્ડ કલ્ચરલ એક્ટિવિટીઝ ઓફિસના સહયોગથી સ્મરણિય કવિ સંમેલનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કવિ સંમેલનનું આયોજન ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે કરવામાં આવ્યું હતું. સ્વ.અટલજી માત્ર એક પ્રખર રાજનેતા જ નહીં, પરંતુ સંવેદનશીલ કવિ, દ્રષ્ટાવાન વિચારક અને ઉત્તમ વક્તા હતા. તેમની કાવ્યરચનાઓમાં રાષ્ટ્રપ્રેમ, માનવતાવાદ, લોકશાહી મૂલ્યો તથા ભારતીય સંસ્કૃતિની સુગંધ અનુભવાય છે. જે આજે પણ યુવા પેઢીને વિચાર અને સંવેદનાની નવી દિશા આપે છે. આ કાર્યક્રમ દ્વારા ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સની સ્થાપનાના 140 વર્ષ તથા ભારતીય નાટ્ય જગતમાં અમૂલ્ય યોગદાન આપનાર પ્રખર વિદ્વાન પ્રો. સી. સી. મહેતાજીની 125 મી જન્મજયંતિનું પણ ગૌરવપૂર્ણ સ્મરણ કરવામાં આવ્યું હતું. જે ફેકલ્ટીની સાંસ્કૃતિક અને શૈક્ષણિક પરંપરાને ઉજાગર કરે છે. કવિ સંમેલનમાં દેશના પ્રતિષ્ઠિત કવિઓ દિનેશ ડોંગરે નાદાન, ભરત ભટ્ટ પવન, દીપક નાઈકવાડે દીયા, નૈષધ મકવાણા તથા રિતેશ ત્રિપાઠી એમણે પોતાની ઉત્તમ અને વિચારપ્રેરક કાવ્યરચનાઓ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રાષ્ટ્રભાવના, સમાજચિંતા, માનવીય સંવેદના અને સમકાલીન વિષયોને સ્પર્શતી તેમની કવિતાઓને ઉપસ્થિત શ્રોતાઓ તરફથી ઉષ્માભર્યો અને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો. કાર્યક્રમનું સંયોજન ડો. રાજેશ કેલકર, અધ્યક્ષ, ભારતીય શાસ્ત્રીય સંગીત વોકલ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સહ-સંયોજન ડો. વિશ્વાસ સાંત, અધ્યક્ષ, ભારતીય શાસ્ત્રીય વાદ્ય સંગીત સિતાર, વાયોલિન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેતુલ મહેરિયા, ડીવાયડીઓ, ડિસ્ટ્રિક્ટ યુથ એન્ડ કલ્ચરલ એક્ટિવિટીઝ ઓફિસ વડોદરાએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું કે, યુવા પેઢીમાં સાહિત્ય, કાવ્ય અને રાષ્ટ્રભાવનાનું સંસ્કાર સિંચન થાય તેવા કાર્યક્રમો આજના સમયમાં અત્યંત આવશ્યક છે.

ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં આયોજિત આ કવિ સંમેલન યુવાનો માટે પ્રેરણારૂપ સાબિત થશે. ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા કરવામાં આવેલ આ આયોજન સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ સાથે ડૉ. રાજેશ કેલકર, આઈસી ડીન, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સે જણાવ્યું કે, સ્વ. અટલ બિહારી વાજપેયીજીના વિચારો અને કાવ્ય આજે પણ સમકાલીન છે.

ગ્રામ્ય સ્વચ્છતા માટેના અવિરત યોગદાનની સરાહના કરી

મુખ્યમંત્રીએ વડોદરા જિલ્લાના સફાઈ સેવીકાને પ્રશસ્તિપત્ર મારફત અભિનંદન પાઠવ્યા

સફાઈ માત્ર કામ નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી છે. -સફાઈ સેવિકા શ્રીમતી મંજુલાબેન એન. સોલંકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા જિલ્લાના સિનોર તાલુકાના બાવળીયા ગામે નિવાસ કરતી સફાઈ સેવિકા શ્રીમતી મંજુલાબેન એન. સોલંકીની નિષ્ઠાપૂર્વકની સેવાઓને રાજ્ય સરકારે વિશેષ માન આપ્યું છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમને પ્રશસ્તિપત્ર મારફત અભિનંદન પાઠવી, ગ્રામ્ય સ્વચ્છતા માટેના તેમના અવિરત યોગદાનની સરાહના કરી છે.

મુખ્યમંત્રીએ પોતાના સંદેશમાં જણાવ્યું કે "સેવા" શબ્દ માત્ર બે અક્ષરોનો છે, પરંતુ તેને જીવનમાં ઉતારવો અત્યંત મહત્વનો છે. ગાંધીજીના સ્વચ્છતા સંબંધિત વિચારોથી પ્રેરાઈને મંજુલાબેન છેલ્લા છ વર્ષથી વધુ સમયથી ગામની સ્વચ્છતા માટે સતત કાર્યરત છે, જે અત્યંત સરાહનીય છે. મુખ્યમંત્રીએ ખાસ ઉલ્લેખ કર્યો કે, વડોદરા જિલ્લાના સિનોર તાલુકાના બાવળીયા ગામની સફાઈ વ્યવસ્થામાં મંજુલાબેનનું યોગદાન ઉદાહરણરૂપ છે. તેમણે દિવસ-રાત ગામના હિત માટે કામ કરી અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. તાજેતરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના 'ગ્રામ દર્શન' કાર્યક્રમ અંતર્ગત સિનોર ખાતે થયેલી મુલાકાત દરમિયાન પણ મંજુલાબેનની સેવાભાવના અને સ્વચ્છતા બાબતની સમજણની પ્રશંસા સ્વયં રાજ્યપાલશ્રી દ્વારા કરવામાં આવી હતી. ગ્રામ્ય સ્તરે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં તેમના સક્રિય સહકારને વિશેષ માન મળ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સેવાકાર્ય માટે મળતું આવું સન્માન અન્ય સેવિકાઓને પણ પ્રોત્સાહન આપે છે અને સ્વચ્છ ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. અંતે તેમણે મંજુલાબેનને ભાવિ કાર્યો માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

મંજુલાબેનએ પોતાને મળેલા પ્રશસ્તિપત્ર બાબતે જણાવ્યું હતું કે, આજે મને મળેલું આ સન્માન માત્ર મારું નહીં પરંતુ સમગ્ર સફાઈ સેવિકા સમુદાયનું સન્માન છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે મારી નાની સેવાઓને માન્યતા આપી તે મારા માટે ગૌરવની ક્ષણ છે. મને ખુબ આનંદ થયો છે.

હું માનું છું કે સફાઈ માત્ર કામ નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા વિષયક વિચારો મને હંમેશા પ્રેરણા આપે છે. સ્વચ્છતા હશે તો આરોગ્ય સારું રહેશે અને ગામ વિકાસની દિશામાં આગળ વધશે.

વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારની મંગલ ઉપસ્થિતિમાં નવલખીમાં Life Bliss મેડિટેશન પ્રોગ્રામ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવના સમાપનના દિવસે ૧ લાખથી વધુ ભક્તોએ પાવનનગરી, સંસ્કારીનગરી અને કલાનગરી વડોદરાને વૈષ્ણવનગરી બનાવીને આ ભવ્ય અને અદભુત મહામહોત્સવમાં ઉપસ્થિત રહેવાના શુભ સૌભાગ્યનું ગર્વ અનુભવ્યું હતું. આ મહોત્સવના નવે નવ દિવસ વૈષ્ણવો અને સનાતની ધર્મના ભક્તોનો ઘસારો એટલો વિશાળ હતો કે હિન્દુ ધર્મના તીર્થસ્થાનના પ્રદર્શનીના દર્શન માટે બાળકોને ખંભા પર બેસાડીને આ અલૌકિક દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. વૈષ્ણવ નગરી વડોદરા ના કોઈ પણ સનાતન ધર્મનો ભક્ત આ પ્રદર્શનીની ઝાંખીથી બાકી ન રહ્યો હોય તેવો માહોલ સર્જાયો હતો . વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ અને શ્રીમદ ભાગવત કથાએ અનેક રેકોર્ડ તોડ્યા તથા આ મહોત્સવને સર્વે વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગમાં 550 વર્ષના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરમાં લખવો પડે તેવો કરીને સમગ્ર વૈષ્ણવ સમાજમાં પૂજ્યશ્રી વ્રજરાજકુમારજીના આ પ્રેરણા મહોત્સવના રેકોર્ડનો જય જય કાર કર્યો હતો અને સંદેશો આપ્યો કે વૈષ્ણવ સમાજ પણ આવા કાર્યો અને મહોત્સવ કરી શકે છે. પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી દ્વારા કથા મંડપમાં વહેલી સવારે છ વાગ્યે સર્વે વૈષ્ણવોને ધ્યાન મેડીટેશન કરવામાં આવ્યું અને પૂજ્યશ્રીએ જણાવ્યું કે ધ્યાન ધરવાથી સકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે. આપણા શરીરના ચક્ર બેલેન્સિંગ માટે લાઈફ બ્લીઝ મેડીટેશન દરેક જગ્યાએ વૈષ્ણવોને અને દરેકને કરવામાં આવશે અને "સ્ટ્રેસ ફ્રી વર્લ્ડ" તરફ આવું કાર્ય પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં સર્વ પ્રથમ પૂજ્યશ્રી દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. LIFE BLISS મેડીટેશનના આ સર્વપ્રથમ પ્રોગ્રામનું પૂજ્ય વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ની મંગલ ઉપસ્થિતિમાં શુભ શરૂઆત કરીને નવલખી ગ્રાઉન્ડમાં એક વધુ રેકોર્ડ પુષ્ટિમાર્ગ ઈતિહાસમાં સ્થાપિત થયો. પૂજ્યશ્રી ની આ મધુર અને દિવ્ય વાણીથી યુવા ભક્તોએ કથા શ્રવણ કરીને સત્સંગ દ્વારા શુદ્ધ તત્વની પ્રાપ્તિની અનુભુતી કરી હતી.

વડોદરાની 17 વર્ષીય છોકરી SGFIમાં કરશે ડેબ્યુ

વેઈટલિફ્ટિંગમાં પ્રતિનિધિત્વ કરતી વડોદરા જિલ્લાની આસ્મા ઝાબુવાલા

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા જિલ્લો ૧૭ વર્ષીય છોકરી આસ્મા તાહીરાળી ઝાબુવાલાને રમતગમત ક્ષેત્રે વધાવી લેવાની તૈયારીમાં છે, કારણ કે આ યુવા ખેલાડી પોતાનું પ્રથમ SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જઈ રહી છે. જેમાં તે વેઈટલિફ્ટિંગમાં વડોદરા અને ગુજરાત બંનેનું પ્રતિનિધિત્વ કરશે. આ તેના પ્રારંભિક રમતગમત કારકિર્દી માટે અત્યંત મહત્વપૂર્ણ માઈલસ્ટોન દર્શાવે છે, અને તેની પસંદગી માત્ર તેની શક્તિ અને શિસ્ત જ નથી દર્શાવતી, પણ સ્પર્ધાત્મક રમતોમાં યુવાન મહિલાઓની વધતી જતી ભાગીદારી પણ દર્શાવે છે.

પાવરલિફ્ટિંગ અને વેઈટલિફ્ટિંગ બંને પર ધ્યાન કેન્દ્રિત કરવીથી તેણીની રમતગમતમાં કારર્કિર્દી વધુ પ્રેરણાદાયક બને છે-બે કઠિન વિષયો-પાવરલિફ્ટિંગ અને વેઈટલિફ્ટિંગ બંનેમાં તેને તીવ્ર શારીરિક તાલીમ, માનસિક ધૈર્ય અને અડગ પ્રતિબદ્ધતા જરૂરી છે. તેની ઓછી વય હોવા છતાં, તેણે બંને રમતોમાં ઉત્કૃષ્ટતા મેળવવા માટે અનેક સ્પર્ધાત્મક ઈવેન્ટોમાં ભાગ લઈ અનુભવ પ્રાપ્ત કરી ખેલ પ્રત્યેની અદ્વિતીય પ્રતિબદ્ધતા દર્શાવી છે.અસ્મા તહેરાલી આસ્મા ઝાબુવાલા હાલ ધોરણ ૧૨મા વિજ્ઞાન અભ્યાસ કરી રહી છે, કઠોર શૈક્ષણિક જવાબદારીઓ સાથે રમતોમાં ઊંડો રસ તેણી સંતુલિત રીતે જાળવી રહી છે. તેની શૈક્ષણિક મુસાફરીએ તેને શિસ્ત, ધ્યાન અને અસરકારક સમય વ્યવસ્થાપન શીખવ્યું છે જેના થકી તે પોતાની તાલીમ અને સ્પર્ધાત્મક માનસિકતાને મજબૂત રીતે સમર્થન આપે છે.

ટ્રેનરોને યોગના વૈજ્ઞાનિક, આરોગ્યલક્ષી તેમજ વ્યવહારિક પાસાઓ અંગે ઉપયોગી માર્ગદર્શન

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વડોદરા પશ્ચિમ વિભાગ યોગ ટ્રેનર રિફ્રેશર તાલીમ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા પશ્ચિમ વિભાગમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઉપક્રમે એક દિવસીય યોગ ટ્રેનર રિફ્રેશર તાલીમ શિબિર યોજાઈ હતી. આ શિબિરને બોર્ડના ચેરમેનશ્રી યોગ સેવક શીશપાલજીની પ્રેરણા અને વડોદરા પશ્ચિમ ઝોનના ઝોન કોર્ડિનેટરશ્રી રાજેશભાઈ પંચાલ તથા જિલ્લા કોર્ડિનેટર ડૉ. મીનાક્ષીબેન પરમારનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

શિબિરનું આયોજન સુભાનપુરા ખાતે આવેલ વેરાઈ માતા મંદિર પરિસરમાં કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન વડોદરા પશ્ચિમ વિભાગના યોગ ટ્રેનરોને યોગના વૈજ્ઞાનિક, આરોગ્યલક્ષી તેમજ વ્યવહારિક પાસાઓ અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શિબિર દરમ્યાન યોગના સિદ્ધાંતો,યોગાસનની રીત તથા તકનીક,માનસિક આરોગ્ય અને યોગ,એક્યુપ્રેશર,પંચકોષ,સાત ચક્રો,અષ્ટાંગ યોગ,મુદ્રા વિજ્ઞાન,ષટ્કર્મ જેવા વિષયો પર અનુભવી યોગાચાર્યો અને યોગ કોચ દ્વારા સરળ અને સમજાય તેવી રીતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ શિબિરનું મુખ્ય ધ્યેય દરેક યોગ શિક્ષકને યોગનું ઊંડું અને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય,અને તે જ્ઞાન દ્વારા યોગને ઘર ઘર સુધી પહોંચાડી,સમાજને સ્વસ્થ, નિરોગી અને સુખી જીવન તરફ દોરી શકાય એમ હતું. શિબિરનો સમાપન યોગના આધ્યાત્મિક મહત્વ પર પ્રકાશ પાડી સૌને યોગને રોજિંદા જીવનમાં અપનાવવાનો સંદેશ આપી કરવામાં આવ્યો હતો.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.,
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ સ્ટમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
બોડેલી શાખાઃ મિલકત નં. 14, પહેલો માળ, અગ્રવાલ કોમ્પ્લેક્સ, ડભોઈ રોડ, બોડેલી-391135, જિલ્લો છોટા ઉદેપુર (ગુજરાત)
Aadhar Housing Finance Ltd

એપેન્ડિક્સ-IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી છે અને કલમ 13 (12) ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતાં મળેલી સત્તાનો ઉપયોગ કરી કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓ- ગેરેન્ટર્સને ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં તેમને નોટિસમાં ઉલ્લેખિત બાકી નીકળતી રકમ વ્યાજ સહિત તે નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા કહેવાયું હતું. જોકે, ઋણ લેનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હતા. આ કારણથી ઋણ લેનારાઓ-ગેરેન્ટર્સ અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 સાથે વાંચતાં મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબજો મેળવ્યો છે.
ઋણ લેનારાઓનું ધ્યાન મિલકત ફરીથી મેળવવા માટે સમયની ઉપલબ્ધતા અંગે ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) પર દોરવામાં આવે છે. ખાસ કરીને અહીં ઉલ્લેખિત ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે, અહીં ઉલ્લેખિત મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો અહીં ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે AHFLના આધીન રહેશે.

અ. નં.	ઋણ લેનાર-સહ ઋણ લેનારનું નામ (શાખાનું નામ)	સિક્યોર્ડ મિલકતની વિગત (સ્થાવર મિલકત)	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. 50410000039 / બોડેલી શાખા) બાબુ લાલ ખટીક (ઋણ લેનાર) બબલી ખટીક (સહ-ઋણ લેનાર)	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, GF સરકાર રેસીડેન્સી નસવાડી રોડ પ્લોટ નં. A-૭૮ નસવાડી છોટાઉદેપુર ગુજરાત 391150. સીમાઓઃ પૂર્વ- મકાન નં. A-79, પશ્ચિમ- મકાન નં. A-77, ઉત્તર મકાન નં. A-99, દક્ષિણ-રોડ	12-05-2025 & ₹ 8,14,897/-	27-12-2025
2	(લોન કોડ નં. 50410000040 / બોડેલી શાખા) બાબુ લાલ ખટીક (ઋણ લેનાર) બબલી ખટીક (સહ-ઋણ લેનાર)	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, GF સરકાર રેસીડેન્સી નસવાડી રોડ પ્લોટ નં. A-72 નસવાડી છોટાઉદેપુર ગુજરાત 391150. સીમાઓઃ પૂર્વ- ઘર નં. 73-એ, પશ્ચિમ- ઘર નં. એ-71, ઉત્તર કમ્પાઉન્ડ વોલ, દક્ષિણ-રોડ	12-05-2025 & ₹ 8,25,944/-	27-12-2025

સ્થળઃ ગુજરાત
તારીખઃ 30-12-2025
અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

વિદ્યાર્થીઓ હવે કમ્પ્યુટર વિષયનો અદ્યતન અભ્યાસક્રમ ભણતા થશે :

ગુજરાત બોર્ડમાં 13 વર્ષે ધો.9-11નો કમ્પ્યૂટરનો અભ્યાસક્રમ બદલાશે

નવી ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ હવે કમ્પ્યુટર વિષયનો અદ્યતન અભ્યાસક્રમ ભણતા થશે. 13 વર્ષ પહેલા કમ્પ્યૂટર વિષયનો અભ્યાસક્રમ બદલવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ ટેકનોલોજી અપડેટ થયા બાદ પણ વિદ્યાર્થીઓ જૂની ટેકનોલોજીનો જ અભ્યાસ કરી રહ્યા હતા. જોકે, હવે આગામી શૈક્ષણિક વર્ષથી ધો.9 અન 11નો કમ્પ્યૂટર વિષયનો નવો અભ્યાસક્રમ અમલી બનશે. આ ઉપરાંત ત્યારપછીના વર્ષે ધો.10 અને 12નો કમ્પ્યૂટરનો નવો અભ્યાસક્રમ અમલમાં આવશે. નવો અભ્યાસક્રમ હાલની ટેકનોલોજીનો ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ 2013માં ધો.9 અને 11 તથા વર્ષ 2014માં ધો.10 અને 12 માટે કમ્પ્યૂટર વિષયનો નવો અભ્યાસક્રમ કમ્પ્યૂટર અધ્યયનના નામ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યો હતો. જેને 13 વર્ષથી વધુનો સમય થઈ ગયો હોવા છતાં અભ્યાસક્રમ બદલવામાં આવ્યો ન હતો. ટેકનોલોજીના ઝડપી વિકાસની સામે અભ્યાસક્રમમાં કોઈ પણ પ્રકારનો અપડેટ ન થયો હોવાથી વિદ્યાર્થીઓ આધુનિક ટેકનોલોજી અને તેના જ્ઞાનથી વંચિત થતાં હોવાની ફરિયાદ ઊઠવા પામી હતી. 5G ટેકનોલોજીના યુગમાં ગુજરાત બોર્ડમાં કમ્પ્યૂટરના અભ્યાસક્રમમાં 3G ટેકનોલોજીના ઉલ્લેખ સાથેની તેમજ Linux, HTML, C++, LaTeX જેવી બાબતો ભણાવવામાં આવે છે. સામાન્ય રીતે કોઈ પણ વિષયનો અભ્યાસક્રમ 7-8 વર્ષમાં અપડેટ થવો જોઈએ, જ્યારે ટેકનોલોજીના યુગમાં કમ્પ્યૂટર જેવા વિષયમાં તો આ અપટેડનો સમયગાળો ઓછો હોવો જોઈએ. પરંતુ ગુજરાતમાં કમ્પ્યૂટર જેવા વિષયનો અભ્યાસક્રમ પણ 13 વર્ષ સુધી બદલાયો ન હતો. આ મુદ્દે રજૂઆતો બાદ ચાલુ વર્ષે કમ્પ્યૂટરમાં આઉટ ડેટેડ પ્રકરણનો દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ નવો અભ્યાસક્રમ તૈયાર કરાયો ન હતો. જોકે, હવે રાજ્યમાં જૂનથી શરૂ થનારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ધો.9 અને 11માં કમ્પ્યૂટર અધ્યયનનો નવો અભ્યાસક્રમ અમલમાં આવશે. આ માટે પુસ્તકો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આમ, ધો.9 અને 11માં 13 વર્ષે નવો અભ્યાસક્રમ અમલમાં આવશે.

જાન્યુઆરીથી શિયાળો જામશે, તાપમાન 13.6 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરાનું લઘુતમ તાપમાન 13.6 ડીગ્રી જ્યારે મહત્તમ તાપમાન 31.2 ડીગ્રી નોંધાયું હતું. નવા વર્ષના પ્રારંભથી ઠંડી પડવાની પૂરી સંભાવના છે. આગામી ચાર દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફારની સંભાવના નથી, પરંતુ તે પછી તાપમાન 2-3 ડિગ્રી સુધી ગગડી શકે છે.

હવામાન નિષ્ણાંતોના મતે નવા વર્ષના પ્રારંભથી ઠંડી પડે તેવી પૂરી સંભાવના છે. છેલ્લા કેટલાક વર્ષની સરખામણીએ આ વખતે ડિસેમ્બરમાં ઠંડીનું પ્રમાણ સાધારણ રહ્યું હતું. આગામી ચાર દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફારની સંભાવના નહિવત છે, આ પછી તાપમાન બે ત્રણ ડિગ્રી સુધી ગગડી શકે છે.

સોમવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 13.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 80% અને સાંજે 37% નોંધાયું હતું. નોંધનીય છે કે, ડિસેમ્બર મહિનામાં જોઈએ તેવી ઠંડી અનુભવાય નથી. છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં થોડી શીતળતા છવાઈ છે. પરંતુ, જોઈએ તેઓ શિયાળો હજી સુધી જામ્યો નથી. ત્યારે, હવે આગામી દિવસોમાં ઠંડીની તીવ્રતામાં વધારો થઈ શકે છે.

રાત્રીનું તાપમાન એટલે કે લઘુત્તમ પારો ગગળી શકે છે. જેના પગલે હવેથી ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે.

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ ૩ઝી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028
Muthoot Homefin

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13(2) હેઠળ, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 3(1) સાથે વાંચવામાં આવે છે.
નીચે સહી કરનાર વ્યક્તિ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉપરોક્ત અધિનિયમ) હેઠળ અધિકૃત અધિકારી છે. સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ 3 સાથે વાંચવામાં આવતા ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને અધિકૃત અધિકારીએ ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં નીચેના ઋણ લેનાર/લેનારાઓ ("ઉપરોક્ત ઋણ લેનાર")ને, તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસ/નોટિસોમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે હાકલ કરવામાં આવી છે, જે નીચે પણ આપેલ છે.
ઉપરોક્ત સંદર્ભમાં ઉક્ત ઋણધારકને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે, આ નોટિસના પ્રકાશનથી 60 દિવસની અંદર, નીચે દર્શાવેલ રકમની ચુકવણી MHILને કરવા જણાવવામાં આવે છે, આ સાથે ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ, 2% પ્રતિમાસના દરે વધુ વ્યાજ સાથે, નીચે દર્શાવેલ તારીખોથી લઈને ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી ઉક્ત ઋણધારકો દ્વારા અમલમાં મુકાયેલા અન્ય દસ્તાવેજો/લેખનો સાથે વાંચેલા લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર હશે. લોનની બાકી ચુકવણી માટે સુરક્ષા તરીકે, ઉક્ત ઋણધારકો દ્વારા MHILને નીચેની સંપત્તિઓ કમશઃ ગીરવે મૂકવામાં આવી છે.

અ. નં.	ઋણ લેનાર/ઓ/ સહ-ઋણ લેનાર/ ગેરન્ટર/ લોન એકાઉન્ટ નંબર/ શાખા	કુલ બાકી રકમ (રૂ.)	ડિમાન્ડ નોટિસ તારીખ	સિક્યોર્ડ મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત)
1.	જીતેન્દ્રભાઈ મગનભાઈ સોલંકી/ નીતાબેન જિતેન્દ્રકુમાર સોલંકી/ કપિલાબેન મગનભાઈ સોલંકી/ VDO-NHL-000430/ વડોદરા	રૂ. 14,87,270/- રૂપિયા ચૌદ લાખ સત્યાંસી હજાર બસો સિત્તેર માત્ર.	22-Dec-2025	વડોદરાના મોજે કરબામાં જમીન ધરાવતો આખો ટુકડો અને જમીનનો પાર્સલ, વિભાગ-બી, ટિકા નં. ૬/૧, સી.એસ. નં. ૨૨૬, ૩૪.૨૮૧૩ ચોરસ મીટર, ગ્રાઉન્ડ ફ્લોર ૩૪.૨૮ ચોરસ મીટર, પહેલો માળ ૩૪.૨૮ ચોરસ મીટર, બીજો માળ ૩૪.૨૮ ચોરસ મીટર, નોંધણી જિલ્લા અને પેટા જિલ્લા -વડોદરા, જિલ્લા વડોદરા, મિલકતની સીમાઓ નીચે મુજબ છેઃ- ઉત્તરઃ સંલગ્ન ઘર, દક્ષિણઃ સાંકડી શેરી, પૂર્વઃ જગદીશભાઈ સોલંકીનું ઘર, પશ્ચિમઃ સોલંકીનું ઘર
2.	અબ્દુલખાન અનવરાલી રાઠોડ/ સાહિનબેન અબ્દુલ રાઠોડ/ VDO-HL-000451/ વડોદરા	રૂ. 24,06,655/- રૂપિયા ચોવીસ લાખ છ હજાર છસો પંચાવન માત્ર.	22-Dec-2025	મોજેમાં જમીનનો તે બધો ટુકડો અને પાર્સલઃ સેગુવાડા, વડોદરા જમીન ધરાવતો બ્લોક નં. ૧૯૯, જૂનો બ્લોક નં. ૧૬